# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 05-12-2025 Day: Friday Morning : 7.55 to 8.00 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## મુખ્યમંત્રી-રણોત્સવ:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કચ્છના ધોરડો સફેદ રણ ખાતેથી રણોત્સવ ૨૦૨૫-૨૬નો ગઈકાલે પ્રારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ધોરડો ખાતે ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા આયોજિત વંદે માતરમ-રાષ્ટ્રીય ગીતના ૧૫૦ વર્ષના અવસરને સાંકળતા “એકત્વ- એક દેશ, એક ગીત, એક ભાવના” થીમ આધારીત સાંસ્કૃતિક કાર્યક્રમમાં દેશના વિવિધ રાજ્યો, કચ્છી કલા અને ગુજરાતની સંસ્કૃતિને રજૂ કરતી વિવિધ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓને નિહાળી હતી. આ સાથે જ કચ્છના પ્રવાસનને વેગ આપવા અંદાજે રૂ. ૧૭૯ કરોડના ખર્ચે ધોરડો, લખપત ફોર્ટ અને ઐતિહાસિક તેરા ગામના વિવિધ વિકાસકામોનું ઈ-ખાતમુહૂર્ત અને ઈ-લોકાર્પણ કર્યું હતું.

રણોત્સવના પ્રારંભ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ રણ, દરિયો અને ડુંગરના કુદરતી સૌંદર્યની ત્રિવેણી ધરાવતા કચ્છના કાળા ડુંગરે બિરાજતા ગુરુદત્તાત્રેયની જન્મજયંતિએ ભાવપૂર્વક વંદન કરીને જણાવ્યું હતું કે, માગશર મહિનામાં પૂર્ણિમાએ પૂર્ણ કળા ખીલેલા ચંદ્રની શીતલ ચાંદનીમાં સફેદ ચાદર ઓઢીને સૂતેલા કચ્છના રણનું સૌંદર્ય અલૌકિક અને નયનરમ્ય હોય છે.

રણોત્સવના વિકાસનો શ્રૈય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને આપીને મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, સફેદરણને પ્રવાસનનું તોરણ તથા દુનિયાભરના ટુરિસ્ટ માટે ફેવરીટ ડેસ્ટિનેશન બનાવવાનું સપનું પ્રધાનમંત્રીએ જોયું હતું. આ સપનું આજે સાકાર થયું છે અને રણોત્સવ એ ગ્લોબલ ઇવેન્ટ બની છે. કચ્છી ભૂંગા અને કચ્છની ભાતીગળ લોક સંસ્કૃતિ સાથે આધુનિક સુવિધા સાથેના ટેન્ટ સિટીથી પ્રધાનમંત્રીનો "વિરાસત ભી, વિકાસ ભી" અભિગમ સાકાર થયો છે.

આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમની રંગારંગની પ્રસ્તુતિ દરમિયાન  શ્રમ અને રોજગાર મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા, ઉચ્ચ શિક્ષણ અને તાંત્રિક શિક્ષણ રાજ્યમંત્રીશ્રી ત્રિકમભાઈ છાંગા, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જનકસિંહ જાડેજા, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જનકસિંહ જાડેજા, ધારાસભ્ય સર્વશ્રી કેશુભાઈ પટેલ, શ્રી પ્રદ્યુમ્નસિંહ જાડેજા, શ્રી અનિરુદ્ધભાઈ દવે, પ્રવાસન વિભાગના સચિવશ્રી,કચ્છ કલેક્ટર સહિતના સહિતના પદાધિકારિશ્રીઓ અને અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

---------------------------------------------------------------------------------------------------------

## <u>કેન્દ્રીય ગૃહમંત્રી-અમિત શાહ ગુજરાતની મુલાકાતે:</u>

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે છે.શ્રી શાહ અમદાવાદ, ગાંધનગર,વાવ થરાદ અને બનાસકાંઠામાં વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે. શ્રી શાહ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અનેક મુખ્ય માળખાગત સુવિધાઓ અને જાહેર સુવિધા યોજના ઉદ્ઘાટન પણ કરશે.

---------------------------------------------------------------------------------------------------------

## <u>એકતા પદ યાત્રા:</u>

રાજ્યમાં ચાલી રહેલી સરદાર એટ 150 એકતા પદયાત્રા ગઈકાલે નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના ભદામ ગામે પહોંચી. આ યાત્રામાં જોડાયેલા કેન્દ્રીય માર્ગ પરિવહન રાજ્યમંત્રી હર્ષ મલ્હોત્રાએ કહ્યું, વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાં તમામ દેશવાસીઓની ભાગીદારી ઘણી જરૂરી છે. લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી મોટી પ્રતિમા બનાવીને તેમને સાચી શ્રદ્ધાંજલિ અપાઈ હોવાનું તેમણે ઉમેર્યું.

---------------------------------------------------------------------------------------------------------

## <u>SIR :</u>

રાજ્યભરમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા – S.I.R. ઝૂંબેશ હેઠળ ગણતરીપત્રકોના ડિજિટાઈઝેશનની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. હાલ 12 વિધાનસભા

મતવિસ્તારમાં 100 ટકા ડિજિટાઈઝેશન પૂર્ણ થયું છે. જ્યારે 94 પૂર્ણાંક 35 ટકા ડિજિટાઈઝેશન સાથે ડાંગ જિલ્લો મોખરે છે.

---

## દત્ત જયંતી-કાળો ડુંગર:

માગસર સુદન પુનમ નિમિતે ગઈકાલે રાજ્યભરના ધાર્મિક સ્થળો પર ભક્તોનું ઘોડાપુર ઉમટ્યુ હતું. કચ્છની પશ્ચિમ સરહદ સાચવતા કાળા ડુંગર પર પવિત્ર દત્તાત્રેય તીર્થધામ પર દત્ત જયંતિ રજત ઉત્સવ હવન યજ્ઞ મહાપ્રસાદ બાદમાં ધર્મ સભાનું આયોજન કરાયું હતું. મહાઆરતી બાદ ઇતિહાસમાં પહેલી વખત 1111 બહેનો દ્વારા મહારાસ  આયોજન કરાયું હતુ.આ પ્રસંગે ધારાસભ્ય કેશુભાઈ પટેલ, અનિરુદ્ધ દવે, પ્રદ્યુમનસિંહ જાડેજા, જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા સહિતના મહાનુભાવ ઉપસ્થિત રહ્યા હતા.

---

## હવામાન:

કચ્છમાં તાપમાનમાં સામાન્ય વધઘટ વચ્ચે ઠંડીની ચમક યથાવત રહી છે. નલિયામાં પારો એક ડિગ્રી ઊંચકાયો, તો જિલ્લા મથક ભુજ અને અંજાર-ગાંધીધામમાં લઘુતમ તાપમાનમાં એક ડિગ્રીનો ઘટાડો જોવા મળ્યો હતો.

---